સમયસર વ્યવસ્થા નહીં થાય તો વિસર્જન સમયે અરાજકતાની ભીતિ

દશામા વિસર્જન માટે કૃત્રિમ તળાવો તૈયાર છે કે નહી?

કાગળ પરની તૈયારીઓ સામે જનરોષ; ભક્તોની આસ્થા ન દુભાય તે માટે પાલિકા સત્તાધીશો વહેલી તકે જાગે તેવી રજૂઆત

(પ્રતિનિધિ), વડોદરા. તા.૧૩

સંસ્કારી નગરી વડોદરામાં શ્રદ્ધા અને આસ્થાના પ્રતીક સમાન દશામાના પવિત્ર પર્વની ઉજવણી ઉત્સાહભેર થઈ રહી છે. આગામી શનિવારે દશામાની પ્રતિમાઓનું ભાવુક માહોલમાં વિસર્જન યોજાનાર છે, પરંતુ વિસર્જન પૂર્વે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલી પૂર્વતૈયારીઓ સામે વિરોધના સૂર ઊઠ્યા છે. શહેરના વિવિધ વિસ્તારોમાં પાલિકા તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલા કૃત્રિમ તળાવો પર અસુવિધાઓ અને અપૂરતી વ્યવસ્થાઓને લઈને સ્થાનિકો અને વિપક્ષ

દ્વારા પાલિકાની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરવામાં આવ્યા છે.

દશામાના વિસર્જન દરમિયાન શ્રદ્ધાળુઓને ભારે હાલાકી ભોગવવી પડે તેવી ભીતિ વ્યક્ત કરતા વોર્ડ નંબર ૧૦ કોંગ્રેસના વોર્ડ પ્રમુખ હાર્દિક આમોદરાએ પાલિકા તંત્ર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ પાલિકા સત્તાધીશો દ્વારા કૃત્રિમ તળાવો પર માત્ર કાગળ પર જ તૈયારીઓ દર્શાવવામાં આવી છે. વાસ્તવિક સ્થિતિ એ છે કે વિસર્જન સ્થળો પર પૂરતી રોશની, સ્વચ્છતા, સુરક્ષા અને શ્રદ્ધાળુઓ માટે જરૂરી પ્રાથમિક સુવિધાઓનો ઘોર અભાવ જોવા મળી રહ્યો છે.

કોંગ્રેસ નેતાએ માંગ કરી છે કે, વિસર્જનના દિવસે હજારોની સંખ્યામાં ભક્તો કૃત્રિમ તળાવો પર ઉમટી પડવાના હોવાથી પાલિકા સત્તાધીશોએ તાત્કાલિક ધોરણે જાગીને તમામ વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવી જોઈએ. જો સમયસર યોગ્ય પગલાં લેવામાં નહીં આવે તો વિસર્જન સમયે મોટી અરાજકતા સર્જાઈ શકે છે. શ્રદ્ધાળુઓની ધાર્મિક ભક્તિ અને ભાવનાઓને ઠેસ ન પહોંચે તે માટે તળાવોની આસપાસ યોગ્ય ઘાટ, લાઈટિંગ અને ક્રેન સહિતની સુવિધાઓ તાત્કાલિક પૂરી પાડવાની ઉગ્ર માંગ કરવામાં આવી છે.

હવે સમગ્ર શહેરીજનો અને ભક્તોની નજર પાલિકા તંત્ર પર ટકેલી છે. શનિવારે થનારા વિસર્જન પૂર્વે તંત્ર ઊંઘમાંથી જાગીને કામગીરીમાં ક્યારે અને કેવો સુધારો લાવે છે, તે જોવું રહ્યું.

પશ્ચિમ વડોદરા અને નવા સમાવિષ્ટ વિસ્તારોમાં RCC રોડને પ્રથમ પ્રાધાન્ય

વડોદરાના રસ્તાઓ માટે ૮૦:૨૦ ફોર્મ્યુલા, ડામરને બદલે RCC રોડને પ્રાધાન્ય

વારંવાર ખોદકામથી મુક્તિ આપવા 'પહેલા ડક્ટ-ડ્રેનેજ, પછી જ રોડ'ની નવી નીતિ

(પ્રતિનિધી) વડોદરા, તા.18

ચોમાસા દરમિયાન રસ્તાઓની ધોવાઈ જતી હાલત અને રોડ બન્યા બાદ વિવિધ કામગીરી માટે વારંવાર થતા ખોદકામથી પરેશાન વડોદરાવાસીઓ માટે તંત્ર દ્વારા એક મહત્વપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત અને ટકાઉ બનાવવા માટે '૮૦:૨૦'ની નવી ફોર્મ્યુલા અમલમાં મૂકવામાં આવી છે, જેમાં હવે ડામરના બદલે RCC રોડ બનાવવા પર વિશેષ ફોકસ કરવામાં આવશે.

મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુએ આ નવી યોજના અંગે

માહિતી આપતાં જણાવ્યું હતું કે, રોડ નેટવર્કના સુધારા માટે ૮૦:૨૦ રેશિયો મુજબ વિભાજન કરીને ચોક્કસ પ્લાનિંગ સાથે કામગીરી હાથ ધરવામાં આવી છે. આ નવી નીતિ હેઠળ શહેરના આશરે ૭૦ થી ૮૦ ટકા વિસ્તારોમાં તબક્કાવાર RCC રોડ બનાવવાનું માળખું તૈયાર કરાયું છે. RCC રોડ અત્યંત મજબૂત અને લાંબા ગાળે ટકાઉ હોય છે, જે અંદાજે ૨૦ થી ૨૫ વર્ષ સુધી ખરાબ થયા વિના ઉપયોગી રહેવાની ક્ષમતા ધરાવે છે.

તંત્ર દ્વારા ભૂતકાળની ભૂલોમાંથી પાઠ ભણીને એક મહત્વનો વહીવટી નિયમ પણ બનાવવામાં આવ્યો છે. જે મુજબ, રોડ બની ગયા બાદ વીજળી, ગેસ કે ટેલિફોન લાઈનો માટે વારંવાર થતા ખોદકામને કાયમી ધોરણે અટકાવવા માટે સૌપ્રથમ ભૂગર્ભ ડક્ટ અને ડ્રેનેજ જેવી પાયાની સુવિધાઓ તૈયાર કરવામાં આવશે.

આ પાયાનું કામ પૂર્ણ થયા બાદ જ તેની ઉપર RCC રોડનું નિર્માણ કરવામાં આવશે, જેથી ભવિષ્યમાં રોડ તોડવાની નોબત ન આવે. નવી ફોર્મ્યુલા મુજબ, પશ્ચિમ વડોદરા તેમજ તાજેતરમાં શહેરમાં નવા સમાવિષ્ટ થયેલા વિસ્તારો જ્યાં હજુ સુધી પૂરતી માળખાકીય સુવિધાઓ પહોંચી નથી ત્યાં ડ્રેનેજ અને અન્ય પાયાની સુવિધાઓ પૂરી પાડીને RCC રોડ બનાવવાની કામગીરીને પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે.

આમોદથી ભરૂચ કલેક્ટર કચેરી સુધી ૪૦ જેટલા ટ્રેક્ટરો સાથે રેલી

પાવરગ્રીડ પ્રોજેક્ટના વિરોધમાં ખેડૂતોની ટ્રેક્ટર રેલી, અંકલેશ્વરમાં ઘર્ષણ

મોડે મોડે ખેડૂતો ભરૂચ કલેક્ટર કચેરી પહોંચ્યા, આવેદનપત્ર પાઠવ્યું

(પ્રતિનિધી) ભરૂચ,અંકલેશ્વર,આમોદ,, તા.18

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, હાંસોટ અને આમોદ પંથકના ખેડૂતો દ્વારા પાવરગ્રીડ લાઇન માટે થતા જમીન સંપાદનના વિરોધમાં આજે એક વિશાળ ટ્રેક્ટર રેલી યોજવામાં આવી હતી. આમોદ અને જંબુસર તાલુકાના ખેડૂતોએ આમોદની રેવા સુગરથી ભરૂચ કલેક્ટર કચેરી સુધી આ ટ્રેક્ટર રેલી કાઢી હતી . રેલીમાં અંદાજે 40 ટ્રેક્ટરો સાથે મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. જોકે, ખેડૂતો ભરૂચ કલેક્ટરને માંગણી અર્પણ કરવા જઈ રહ્યા હતા ત્યારે અંકલેશ્વર ખાતે પોલીસે રેલીને અટકાવી હતી. પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું . રેલી કેલોદ નજીક મંદિર પાસે

પહોંચતા ટ્રેક્ટરોના પાર્કિંગને લઈને પોલીસે વાંધો ઉઠાવતાં ખેડૂતોએ રસ્તા પર જ ધરણાં લઈ લીધાં હતાં

પોલીસના નિર્ણયથી રોષે ભરાયેલા ખેડૂતો માર્ગ પર બેસી ગયા હતા, જેના કારણે અંકલેશ્વર-ભરૂચ રોડ પર આશરે 2 થી 3 કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી ગઈ હતી. કલાકો સુધી વાહનવ્યવહાર ખોરવાઈ જતાં સામાન્ય નાગરિકો અને મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.અધિકારીઓએ ટ્રેક્ટરોને આગળ વધતા અટકાવ્યા બાદ ખેડૂતોએ પગપાળા કલેક્ટર કચેરી સુધી કૂચ કરવાનો નિર્ણય કર્યો હતો.

નાથદ્વારા ટાઉનશિપમાં અમરનાથ જેવા બરફના શિવલિંગનો અલૌકિક શણગાર

(પ્રતિનિધી) વડોદરા, તા.18

વડોદરા, ડભોઈ રોડઃ નાથદ્વાર ટાઉનશિપ, કપુરાઈ ચોકડી પાસે આવેલા શ્રી ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિરે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે ભગવાન શિવજીનો અનોખો અને મનમોહક શણગાર કરવામાં આવ્યો હતો. શ્રદ્ધાળુઓ માટે આ શણગાર વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ પ્રસંગે મંદિર પરિસરમાં બાબા અમરનાથની પવિત્ર ગુફામાં જોવા મળતા બરફના શિવલિંગની પ્રતિકૃતિ સમાન બરફના શિવલિંગનું નિર્માણ કરી ભગવાન ભોળેનાથનો અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો. બરફમાંથી તૈયાર કરવામાં આવેલ શિવલિંગના દર્શન કરવા મોટી સંખ્યામાં શિવભક્તો ઉમટી પડ્યા હતા. શ્રાવણ માસના પવિત્ર સોમવારે મહાદેવના આ દિવ્ય સ્વરૂપના દર્શન કરી ભક્તોએ ધન્યતા અનુભવી હતી.

વડોદરા આંત્રપ્રેન્યોરિયલ ફોરમે ચર્ચાસત્રનું આયોજન કર્યું

દેશનાં આર્થિક વિકાસને રોકવા થઈ રહ્યાં છે Gen Z વિરોધ

દેશનાં આંતરિક માળખાને ખોરવવા થતો વિદેશી નાણાંનો ઉપયોગ

(પ્રતિનિધી) વડોદરા, તા.18

હાલમાં સરકાર નવા એફસીઆરએ (ફોરેન કૉન્ટ્રિબ્યૂશન રેગ્યુલેશન ઍક્ટ)નાં બિલ રજૂ કરી રહી છે ત્યારે તેનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે એક સવાલ થાય છે કે, વિદેશી સંસ્થાઓ શા માટે ભારતીય NGOs ને આટલું મોટું ફંડ આપી રહ્યું છે, તેઓનો આમાં શું હિત છે. જે વિષયે ચર્ચા કરવા માટે વડોદરા આંત્રપ્રેન્યોરિયલ ફોરમ દ્વારા ખાસ ચર્ચાસત્રનું આયોજન કરાયું હતું.

જેમાં યુપીએસસી અને જીપીએસસીના નિષ્ણાત શિક્ષક અને માર્ગદર્શક એવા જય પટેલે જણાવ્યું હતું કે, ભારતમાં વિદેશી ભંડોળ

અને પેઈડ પ્રોટેસ્ટ મુદ્દો અત્યંત સંવેદનશીલ છે. ભારત સરકાર અને સુરક્ષા એજન્સીઓ વારંવાર દાવો કરે છે કે, વિદેશી નાણાંનો ઉપયોગ દેશનાં આંતરિક માળખાને ખોરવવા અને અશાંતિ ફેલાવવા માટે થાય છે. ઈડી તેમજ આઈબી દ્વારા કરવામાં આવેલા દાવાઓ મુજબ, દેશનાં આર્થિક વિકાસને રોકવા થયેલાં આંદોલનો જેમ કે, તમિલનાડુમાં સ્ટર્લાઈટ પ્રોજેક્ટ, CAA કાયદા વિરોધ, Gen Z વિરોધમાં ઈડી દ્વારા પીએફઆઈ (પોપ્યુલર ફ્રંટ ઓફ ઇન્ડિયા) જેવી સંસ્થાઓ પર અશાંતિ ફેલાવવાનો કેસ નોંધવામાં આવ્યો છે. વિદેશી ફંડમાં વર્ષોવર્ષ વધારો થઈ રહ્યો છે ત્યારે મિનિસ્ટ્રી ઓફ હોમ અફેર્સ દ્વારા રાજ્યસભામાં અપાયેલા જવાબ મુજબ, ૧૬,૭૫૪ થી વધુ લાઈસન્સ રદ કરીને હાલ માત્ર ૨૭.૩% જ એફસીઆરએમાં નોંધાયેલી સંસ્થાઓ કાર્યરત છે. ભારતમાં કોઈપણ એનજીઓ કે સંસ્થાને વિદેશી ભંડોળ મેળવતાં પહેલાં એફસીઆરએ મુજબ નોંધણી કરાવવી જરૂરી છે. મિનિસ્ટ્રી ઓફ હોમ અર્ફેસે સંસદમાં ડેટા રજૂ કર્યા હતા કે, વર્ષ ૨૦૧૯-૨૦માં રૂપિયા ૧૫,૪૩૮.૨૧ કરોડ, વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૭,૦૫૮.૬૪ કરોડ અને વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૨૨,૦૮૫.૧૦ કરોડ વિદેશ ભંડોળ એનજીઓના મારફતે ભારતમાં આવ્યું છે.

ટોલ વસૂલાતમાં ઝડપ, પરંતુ કટોકટીમાં મદદ માટે કલાકોની રાહ કેમ?

એક્સપ્રેસવે પર ટાયર ફાટ્યું, કલાકો સુધી ક્રેનની રાહ; વાહનચાલકોની ફરિયાદ

(પ્રતિનિધી) ભરૂચ, તા.18

મુંબઈ-દિલ્હી એક્સપ્રેસવે ગમે તેટલો ડ્રીમ પ્રોજેક્ટ હોય અને ટોલ વસૂલાતમાં કોઈ કસર ન રાખવામાં આવતી હોય, પરંતુ રોડ પર કટોકટીની સ્થિતિમાં વટેમાર્ગુઓને ભારે અગવડ ઊભી થઈ રહી છે. તાજેતરની એક ઘટનાએ આ હકીકતને ફરી એકવાર ઉજાગર કરી છે.

સુરતથી ભરૂચ જિલ્લાના જંબુસર જઈ રહેલા એક પરિવાર સાથે આ ઘટના બની. ભરૂચના દયાદરા ગામ પાસે એક્સપ્રેસવે પર અચાનક તેમના વાહનનું ટાયર ફાટી જતાં વાહન રોડ પર ખોટકાઈ ગયું. આ માર્ગ પર ટાયર ફાટવાની ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં, આ વખતે પરિવારમાં નાનાં બાળકો અને મહિલાઓ હોવાથી સ્થિતિ વધુ વિકટ બની હતી.ઘટના બાદ પરિવારજનોએ મદદ માટે 1033 હેલ્પલાઈન સહિત

અનેક માધ્યમોનો સંપર્ક કર્યો, પરંતુ ક્રેન પહોંચતાં કલાકોનો સમય લાગ્યો. આ દરમિયાન પરિવારે ધૂપ, વરસાદ કે ગરમી સામે રસ્તા પર જ કલાકો સુધી રાહ જોવી પડી. વાહનમાં નાની-મોટી ખામી સર્જાય તો પણ તાત્કાલિક સેવા ન મળવાના કારણે વાહનચાલકોએ લાંબો સમય રસ્તા પર અટવાઈ રહેવાનો વારો આવે છે.

આ ઘટના બાદ એક્સપ્રેસવેની જવાબદારી સંભાળતી હાઈવે ઓથોરિટી સામે વાહનચાલકોએ ગંભીર ફરિયાદ નોંધાવી છે. ટોલ વસૂલાત જેટલી ઝડપથી થાય છે, એટલી જ ઝડપથી ઈમરજન્સી સેવા કેમ નથી પૂરી પાડવામાં આવતી.

રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીનના નેતૃત્વ હેઠળ હેમાંગ જોશીને મહત્વની જવાબદારી

ભાજપ યુવા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યા બાદ વડોદરામાં ડો. હેમાંગ જોશીનું ભવ્ય અભિવાદન

"આ મોટી જવાબદારી વડોદરા અને ગુજરાતના યુવા કાર્યકર્તાઓને સમર્પિત" : ડો. હેમાંગ જોશી

(પ્રતિનિધી) વડોદરા, તા.18

ભારતીય જનતા પાર્ટી દ્વારા યુવા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીની નિમણૂક કરવામાં આવ્યા બાદ વડોદરા ખાતે તેમનો એક ભવ્ય અભિવાદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે ભાજપના ઉચ્ચ નેતાઓ, પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી તેમનું ઉષ્માભેર સ્વાગત કર્યું હતું.

અભિવાદન સમારોહ દરમિયાન મીડિયા અને કાર્યકરોને સંબોધતા ડો. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નબીનના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રીય કાર્યકારણીની

ઘોષણા કરવામાં આવી હતી, જેમાં તેમને યુવા મોર્ચાના અધ્યક્ષ તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેમણે આ સિદ્ધિ અને જવાબદારીને પોતાના વહાલા વડોદરા અને ગુજરાત ભાજપના તમામ યુવા કાર્યકર્તાઓને સમર્પિત કરી હતી.

પોતાની રાજકીય સફર યાદ કરતા તેમણે ઉમેર્યું હતું કે, કોઈ પણ રાજકીય પૃષ્ઠભૂમિ વગરના એક સામાન્ય પરિવારમાંથી આવીને, અભ્યાસકાળ દરમિયાન વિદ્યાર્થી પરિષદમાં કામ કરતાં કરતાં તેઓ આગળ વધ્યા છે. વડોદરાની જનતાના આશીર્વાદથી સાંસદ બન્યા બાદ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની ટીમમાં કામ કર્યા પછી હવે રાષ્ટ્રીય કક્ષાએ સેવા કરવાનો અવસર મળ્યો છે.

યુવા શક્તિના મહત્વ પર ભાર મૂકતા તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, યુવાનોએ દેશનું ભવિષ્ય છે અને તેમને રાષ્ટ્રના વિકાસ સાથે જોડવા માટે સઘન પ્રયાસો કરવામાં આવશે.

આમોદથી ભરૂચ કલેક્ટર કચેરી સુધી ૪૦ જેટલા ટ્રેક્ટરો સાથે રેલી

બોડેલીમાં જુગારધામ પર પોલીસની રેડ, ત્રણ ઝડપાયા

જુગારના પત્તા અને પાથરણા સહિત કુલ રૂ. 10,900નો મુદ્દામાલ કબજે

(પ્રતિનિધી) બોડેલી, તા.18

છોટાઉદેપુર પોલીસ અધિક્ષક ઈમ્તિયાઝ શેખ તથા બોડેલી ડિવિઝનના મદદનીશ પોલીસ અધિક્ષક હર્ષ શર્માની સૂચના અને માર્ગદર્શન હેઠળ જિલ્લામાં જુગાર અને અસામાજિક પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી હાથ ધરાઈ રહી છે. બોડેલી પોલીસ ઈન્સ્પેક્ટર પી.એસ. બરંડાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ કે.એમ. રાઠોડ અને સર્વેલન્સ સ્ટાફ સુર્યાઘોડા બીટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા.

દરમિયાન મળેલી બાતમીના આધારે ભદ્રાલી વસાહતમાં દીવાલીયાભાઈ દામણીયાભાઈ ભીલના ઘર પાછળ આવેલી ખુલ્લી

જગ્યામાં પોલીસે રેડ કરી હતી. સ્થળ પરથી પત્તા-પાનાનો હારજીતનો જુગાર રમતા ત્રણ ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા, જ્યારે ત્રણ ઈસમો નાસી છૂટ્યા હતા.

પોલીસે ઝડપાયેલા ઈસમો પાસેથી રૂ.4,900 રોકડા તથા દાવ પરના રૂ.6,000 મળી કુલ રૂ.10,900ની રોકડ રકમ કબજે કરી હતી. ઉપરાંત 52 પત્તા અને પાથરણું પણ જપ્ત કરવામાં આવ્યું હતું. પોલીસે ત્રણેય સામે કાયદેસરની કાર્યવાહી કરી ફરાર ઈસમોની શોધખોળ હાથ ધરી છે.

દહેજ GIDCમાં વિઝન પ્રોડક્ટ્સના પ્લાન્ટમાં ભીષણ આગ

(પ્રતિનિધી) વડોદરા, તા.18

દહેજ GIDCમાં આવેલી વિઝન પ્રોડક્ટ્સ પ્રા. લિ. કંપનીના પ્લાન્ટમાં વહેલી સવારે ભીષણ આગ લાગતાં સમગ્ર વિસ્તારમાં દોડધામ મચી હતી. ઘટનાના પગલે ધુમાડાના ગોટેગોટા દૂર સુધી દેખાયા હતા.

જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. ૪ ફાયર ટેન્ડરોની મદદથી પાણી અને ફોમનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરાઈ હતી. ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થના ડેપ્યુટી ડાયરેક્ટર દિનેશ ગામીતે જણાવ્યું હતું કે કંપનીના વેરહાઉસમાં રાખેલા સોલ્વન્ટના ડ્રમમાં આગ લાગી હતી. ઘટના સમયે વેરહાઉસમાં કોઈ કર્મચારી હાજર ન હોવાથી જાનહાનિ ટળી હતી. વાગરા મામલતદાર વિરલ વસાવાએ પણ કોઈ જાનહાનિ થઈ ન હોવાનું જણાવ્યું હતું. આગનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. પ્રાથમિક રીતે સોલ્વન્ટ ઢોળાવ અથવા સ્ટેટિક ચાર્જને કારણ માનવામાં આવી રહ્યું છે.

કાયસ્થ સમાજ દ્વારા ૮૦ વર્ષથી વધુ વયના વરિષ્ઠ નાગરિકોનું સન્માન

(પ્રતિનિધી) વડોદરા, તા.18

કાયસ્થ સમાજ વડોદરા દ્વારા 80મા સ્વાતંત્ર્ય દિન નિમિત્તે 80 વર્ષથી વધુ વય ધરાવતા વરિષ્ઠ કાયસ્થ નાગરિકોના સન્માન સમારોહનું આયોજન હોટેલ રિજેન્ટા ઈન ખાતે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ડૉ. અનુપ કુમાર શ્રીવાસ્તવ, જ્યારે અતિથિ વિશેષ તરીકે વડોદરાના ભૂતપૂર્વ ધારાસભ્ય મધુભાઈ શ્રીવાસ્તવ અને મહાનગરપાલિકાના નેતા ચંદ્રકાન્તભાઈ શ્રીવાસ્તવ ઉપસ્થિત રહ્યા હતા.

કાયસ્થ સમાજના વરિષ્ઠ રાષ્ટ્રીય મહાસચિવ તથા પ્રદેશ અધ્યક્ષ કૃષ્ણકુમાર શ્રીવાસ્તવ, વિજયભાઈ સક્સેના અને મોહનભાઈ શ્રીવાસ્તવે અતિથિઓનું શાલ ઓઢાડી તથા પુષ્પહાર અર્પણ કરી સ્વાગત કર્યું હતું. દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના સાથે કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.

VADODARA MUNICIPAL CORPORATION
www.vmc.gov.in
Office: khanderao Market Building, Raj Mahla Road, Vadodara-390209

TENDER NOTICE

Vadodara Municipal Corporation Invites Tender (Two Bid System) for the following work from the competent & Experienced Organizations holding registration / license of concerned government authority for "Population survey of free-roaming community dogs in the city to understand their dynamics and to assess, evaluate and adapt effective humane animal birth control strategies for the Municipal Corporation, Vadodara " for further tender details visit us at www.vmc.gov.in . The bid document will be available on www.vmc.gov.in from Dt.21-08-2026 to Dt.07-09-2026.

PRO NO.321/ 2026-27

Chief Health Officer
Vadodara Municipal Corporation

બંગાળની ખાડીનું ડિપ્રેશન ગુજરાત તરફ આવવાની સંભાવના ઓછી

બંગાળની ખાડીમાં સિસ્ટમ સક્રિય, ગુજરાતમાં વરસાદની આગાહી

આગામી ૨૪ કલાકમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા

(પ્રતિનિધી) વડોદરા, તા.18

રાજ્ય પર વરસાદનો નવો રાઉન્ડ સક્રિય થવાના એંધાણ વચ્ચે હવામાન વિભાગ દ્વારા એકસાથે 6 સિસ્ટમ સક્રિય હોવાના અહેવાલ આપ્યા છે. જેના કારણે આગામી દિવસોમાં રાજ્યના અનેક વિસ્તારોમાં વરસાદી વાતાવરણ યથાવત રહેવાની શક્યતા છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બંગાળની ખાડીમાં ચાર દિવસના ગાળામાં બીજું ડિપ્રેશન સર્જાયું છે. હાલ આ સિસ્ટમ પશ્ચિમ બંગાળમાં સક્રિય છે અને ઉત્તર-ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધી રહી છે. જોકે આ ડિપ્રેશનની ગુજરાત તરફ આવવાની સંભાવના ઓછી જણાઈ રહી છે. તેમ છતાં તેની અસરના કારણે રાજ્યમાં ભેજવાળા પવનોના કારણે વરસાદી માહોલ રહેશે. હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને આગામી 24 કલાકમાં રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં વરસાદનું જોર વધી શકે છે. હવામાન વિભાગની આગાહી વડોદરામાં થન્ડરસ્ટ્રોમ વિથ રેઇન રહેશે. મહત્તમ તાપમાન 32 ડીગ્રી અને લઘુત્તમ 26 ડીગ્રી રહેવાની શક્યતા છે. આગામી 7 દિવસ સુધી શહેરમાં વાદળછાયું આકાશ અને હળવો વરસાદ ચાલુ રહેશે અને હાલ કોઈ એલર્ટ આપવામાં આવ્યું નથી.

વિદ્યાર્થીઓએ નશાના દુષ્પરિણામો દર્શાવતું પ્રભાવશાળી નાટક રજૂ કર્યું

એમએસયુના સી.સી. મહેતા હોલ ખાતે ડ્રગ ફ્રી યુથ - સેફ ઈન્ડિયાની થીમ ઉપર સેમિનાર યોજાયો

નશો છોડો, જીવન જોડોના સૂત્ર સાથે યુવાનોને નશા મુક્તિનો સંદેશ

(પ્રતિનિધી) વડોદરા, તા.18

યુવાનોને નશાની કુટેવથી દૂર રાખી રાષ્ટ્ર નિર્માણ તરફ પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે પવિત્રધામ ગ્લોબલ વેલ્ફેર ફાઉન્ડેશન, ગુજરાત પોલીસ એન્ટી ટાસ્ક ફોર્સ, એમ.એસ. યુનિવર્સિટી ફેકલ્ટી ઓફ કોમર્સ અને એનએસએસના સંયુક્ત ઉપક્રમે સી.સી. મહેતા હોલ ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સૂત્ર ડ્રગ ફ્રી યુથ, સેફ ઈન્ડિયા અને નશો છોડો, જીવન જોડો - સુરક્ષિત યુવા, સુરક્ષિત ભારત રાખવામાં આવ્યું હતું.

સેમિનારમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને યુવા વર્ગે ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા નશા મુક્તિ પર આધારિત પ્રભાવશાળી નાટક રજૂ કરવામાં આવ્યું હતું. નાટક દ્વારા નશાના દુષ્પરિણામો અને તેનાથી દૂર રહેવાનો સચોટ સામાજિક સંદેશ આપવામાં આવ્યો હતો. કાર્યક્રમની હાઈલાઈટ્સમાં ડ્રગ અવેરનેસ સેશન, મોટીવેશનલ ટોક,રીઅલ લાઈફ એક્સપિરિયન્સ , એક્સપર્ટ સાથે ઈન્ટરેક્શન અને ડ્રગ ફ્રી લાઈફની પ્રતિજ્ઞાનો સમાવેશ થતો હતો. આ કાર્યક્રમમાં એમ.એસ.યુનિવર્સિટીના ચાન્સેલર રાજમાતા શુભાંગિની રાજે ગાયકવાડ અને વાઈસ ચાન્સેલર પ્રો. ભાલચંદ્ર ભાણગે વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનોને સકારાત્મક જીવન શૈલી અપનાવવા અને દેશ નિર્માણમાં યોગદાન આપવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં મોટીવેશનલ સ્પીકર સંજય રાવલ દ્વારા પણ યુવાનોને પ્રેરણાત્મક ઉદ્બોધન કરવામાં આવ્યું હતું. આયોજકોએ જણાવ્યું કે આવા જાગૃતિ કાર્યક્રમો દ્વારા સમાજમાં નશા મુક્તિ અંગે જાગૃતિ ફેલાવી અવેરનેસ, મોટીવેશન, પ્રોટેક્શન અને પ્રિવેંશનના ચાર મુખ્ય સ્તંભોને મજબૂત કરવામાં આવશે.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

Aadhar Housing Finance Ltd

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઈટહિર, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (ડિસ્ટ્રિક્ટ) મહારાષ્ટ્ર - ૪૦૦૦૭૨

અમદાવાદ મણિનગર બ્રાન્ચઃ ઓફિસ નંબર ૧૨, ૨જો માળ, રાજરત્ન કોમ્પ્લેક્સ, રેલ્વે સ્ટેશન સામે, લાલા લજપત રાય માર્ગ, મણિનગર, અમદાવાદ - ૩૮૦૦૦૮, ગુજરાત

ગોધરા બ્રાન્ચઃ શોપ નંબર ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવેન્યુ, બમરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧

પરિશિષ્ટ IV કબજા નોટિસ (સ્થાવર મિલકત માટે)

જેમ કે, અધોહસ્તાક્ષરકર્તા આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારી તરીકે સિક્યુરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ અને સેક્શન ૧૩(૧૨) સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના રૂલ 3 હેઠળ મળેલ સત્તાની રૂએ ડિમાન્ડ નોટિસમાં દર્શાવેલ રકમ સદર નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસમાં ભરપાઈ કરવા નીચે જણાવેલ કરજદાર(રો) / જામીનદાર(રો) ને ડિમાન્ડ નોટિસ પાઠવેલ હતી. કરજદાર રકમ ભરપાઈ કરવામાં નિષ્ફળ ગયેલ હોય, કરજદાર(રો) / જામીનદાર(રો) અને સાર્વજનિક જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરકર્તાએ સદર એક્ટના સેક્શન ૧૩ના સબ-સેક્શન (૪) સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઇન્ટરેસ્ટ એન્ફોર